# સંયુક્ત પરિવાર એકતાની છે મિસાલ

**આપણે આપણા દેશના ગૌરવશાળી ભૂતકાળ પર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે ત્યારે સંયુકત કુટુંબને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. આઝાદીના સમયમાં પણ સંયુક્ત પરિવાર વ્યાપક પ્રમાણમાં જોવા મળતા પણ શહેરીકરણ વધ્યું અને શહેરોમાં મોટાં મકાનોના અભાવમાં સંયુક્ત કુટુંબની વ્યવસ્થા પડી ભાંગી અને ન્યુક્લિયર ફેમિલીની સંખ્યા વધવા લાગી. દરેકને સ્વતંત્ર જીવન જોઈએ જે સંયુકત કુટુંબમાં શક્ય નહોતું લાગતું. સ્ત્રીઓ કમાતી થઈ ગઈ એટલે તેમને મોટા પરિવારમાં ઘરનાં કામોની જવાબદારી ઉઠાવવાનું અશક્ય લાગ્યું, દરેકની આવક પણ સરખી ના હોય ત્યારે ઘરખર્ચામાં એકસરખો ભાગ આપવો તે પણ પરવડતું નહોતું એટલે કુટુંબો નાનાં થતાં ગયાં. આ સ્થિતિ વચ્ચે આજે પણ સુરતમાં એવાં સંયુક્ત કુટુંબો જોવા મળી રહ્યાં છે જ્યાં માતાપિતા અને ત્રણ ત્રણ ભાઈઓનો પરિવાર એક જ છત નીચે રહે છે. તેઓ વર્ષોવર્ષ એક જ રસોડે જમે છે ત્યારે ઘરની સ્ત્રીઓ રસોઈ અને ઘરનાં અન્ય કામોની વહેંચણી કઈ રીતે કરે છે, ઘરમાં નાનીમોટી તકરાર થાય ત્યાર બાદ ફરી કઈ રીતે સમાધાન કરે છે, ફરવા શું બધાં સાથે જાય છે, મોટા પરિવારમાં દરેકને ભાવતું ભોજન બનાવવું શક્ય બને છે ખરું, ઘરના ખર્ચામાં દરેકનો સરખો હિસ્સો હોય છે? આવી અનેક બાબતો વિશે આપણે આવા પરિવારોના મેમ્બર્સ સાથે વાત કરીને જાણીએ...**



## મનીષ કાપડિયા

### સંયુક્ત કુટુંબમાં બાળકોનો ઉછેર સારી રીતે થાય એટલે અમે જોઈન્ટ ફેમિલીમાં રહીએ છીએ



મનીષભાઈ કાપડિયાનું કહેવું છે કે, જોઈન્ટ ફેમિલીમાં રહેવાથી બાળકોનો ઉછેર સારી રીતે થાય છે. બાળકોને વડીલોની હૂંફ મળી રહે છે. મગોબ વિસ્તારમાં રહેતાં 39 વર્ષીય મનીષભાઈ કાપડિયાએ જણાવ્યું કે, ‘‘મારા ફાધર રમેશભાઈ અને મધર મંજુબેન તથા મોટા ભાઈ સુરેશભાઈનો પરિવાર મારો પરિવાર અને નાનો ભાઈ મહેન્દ્ર મળીને અમે કુલ 11 મેમ્બર્સ એક છત નીચે રહીએ છીએ. અમારા ત્રણેય ભાઈઓનો સંપ બહુ સારો છે. એકબીજાને સમજીને રહીએ છીએ. અમે પહેલાંથી જ નક્કી કર્યું હતું કે ત્રણેય ભાઈઓ સાથે જ રહીશું અને બિઝનેસ પણ સાથે રહેશે. ઘરના મુખીયા મારા ફાધર અને મધર છે. ઘરની સ્ત્રીઓ મળીને રસોઈનું કામ સંભાળે. હા, ઘરમાં બાળકોને લઈને મનમુટાવ થાય પણ એ મન પર નહીં લઈએ. મારા મધર, મારી વાઈફ અને મારાં ભાભી સ્વામીનારાયણમાં સત્સંગી છે એટલે રસોઈ બને એટલે પહેલો થાળ ભગવાનને ધરવામાં આવે. ભગવાનના થાળમાં પવિત્ર ભાવના આવે અને તે રસોઈ, તે ભાવના બધાં સુધી જાય એટલે હૃદય સાફ રહે અને રસોઈ સ્વાદિષ્ટ હોય. અમારો આખો પરિવાર વર્ષમાં બે વાર ફરવા જવાનો પ્રોગ્રામ બનાવે. મુવી જોવા, શોપિંગ કરવા સાથે જઈએ. નજીકની સ્કૂલમાં દીકરીને લેવામૂકવા ભાભી જાય અને દૂરની સ્કૂલમાં લેવામૂકવાનું કામ મારાં વાઈફ કરે.’’

**મનીષભાઈનાં ભાભી વર્ષાબેને જણાવ્યું કે,** ‘‘ઘરનું કયું કામ કોણ કરશે તે ફિક્સ નથી હોતું પણ મોટાભાગનાં કામ હું અને મારી દેરાણી કરી લઈએ. અમારા ઘરમાં કામવાળી નથી. બપોરની રસોઈ મારાં સાસુ કરે.’’ મનીષભાઈનાં વાઈફ નીતાબેને જણાવ્યું કે, ‘‘અમે દેરાણીજેઠાણી આ ઘરમાં 14 વર્ષથી સાથે છીએ. હું નાની છું એટલે મોટાભાગની રસોઈ હું બનાવું. રસોઈ બનાવતા પહેલાં સાસુને પૂછીએ કે આજે જમવામાં શું બનાવવાનું છે. લોકો અમને કહેતા હોય બીજું ઘર પણ લઈ લો પણ અમે સાથે જ રહેવા માંગીએ છીએ. વધુમાં જણાવ્યું કે, મને બે બાળકો છે મારી જેઠાણીના પણ બે બાળકો છે. બાળકો રમકડાંને લઈને ખેંચાખેંચ કરે. એકે જે રમકડું લીધું હોય તે જ રમકડું બીજાને જોઈતું હોય. આ વાતને લઈને મારા અને મારી જેઠાણી વચ્ચે રકઝક થાય પણ પછી અમે પણ એ વાતોને ભૂલી જઈએ. મારા દિયરના લગ્નની વાત ચાલે છે. દિયર પણ જોઈન્ટ ફેમિલીમાં રહેવા માંગતી હોય તેવી છોકરી પર પસંદગી ઉતારશે.’’



## અનિલ તાલિયા

### વેપારમાંથી મળતા પૈસા પપ્પાના હાથમાં આપીએ, તેઓ જરૂરિયાત પ્રમાણે બધાંને આપે

સલાબતપુરા વિસ્તારમાં વલ્લભ જીવનની ચાલમાં રહેતાં અનિલભાઈ તાલિયાનો પરિવાર અને તેમના બીજા બે ભાઈઓનો પરિવાર એક જ રસોડે જમે છે. તેમના 90 વર્ષના ફાધર બળવંતરામ આજે પણ ઘરના બધા ડીસીઝન લે છે. ઘરમાં કોઈ નવું ફર્નિચર કે બીજું કાંઈ પણ વસાવવાનું હોય તો ત્રણે ભાઈઓ પહેલાં ફાધર સાથે ડિસ્કશન કરે અને પછી ફાધર જે નક્કી કરે તે ઘરમાં બધાંને માન્ય રહે. અનિલભાઈએ જણાવ્યું કે, ‘‘અમારા ત્રણેય ભાઈઓનો પરિવાર એકસાથે જ રહે છે જેમાં કુલ 16 મેમ્બર્સ છે. અમારા ત્રણ ભાઈઓમાં સૌથી મોટા દીપકભાઈ છે અને વચલા ભાઈ હેમંતભાઈ છે. અનિલભાઈએ જણાવ્યું કે, ‘‘ઘરની 5 સ્ત્રીઓ રસોડું સંભાળે. જમવાનું તો એકસરખું જ બને. જો કે કોઈને તીખું જોઈતું હોય કે કોઈને મોળું જોઈતું હોય, કોઈને ફ્રાય તો એ પ્રમાણે જમવાનું બને. એક જણ દાળ-ભાત મૂકે, એક જણ શાક સમારે તો એક જણ રોટલી વણે એટલે હળીમળીને રસોઈ કલાક- દોઢ કલાકમાં બની જાય. તેમણે વધુમાં જણાવ્યું કે અમારા ઘરમાં કોણ શું ખાશે તેને લઈને મતભેદ થાય જોકે, પછી કોમ્પ્રોમાઇઝ કરી લઈએ. બીજાના ઘરોમાં કદાચ એક કે બે શાક બનતા હોય અમારા ઘરમાં ત્રણ શાક બનતા હોય છે. કેમકે દરેકને ભાવતું મળી જાય. અમે ત્રણે ભાઈઓ કાપડ લુમ્સના બિઝનેસમાં છીએ એટલે એક જ ઓફિસમાં બેસીએ. અમારો બિઝનેસ અમારા ફાધરે ખૂબ મહેનત કરીને ઊભો કર્યો છે એટલે બિઝનેસની કમાણીના પૈસા અમે અમારા ફાધરના હાથમાં મૂકીએ અને પછી તેમાંથી ફાધર દરેકની જરૂરિયાત પ્રમાણે પૈસા આપે. ઘરનું લાઈટબિલ, ગેસબિલ, વેરાબિલ પેઢીમાંથી ઓનલાઈન જમા કરવામાં આવે છે.’’

**અનિલભાઇના મોટાભાભી દક્ષાબેને જણાવ્યું કે,** ‘‘જ્યારે સેલ હોય ત્યારે અમે બધાં સાથે જ સેલમાં જઈએ એટલે ચોઇસ પ્રમાણે સિલેક્ટ કરીને લઈ શકાય. આમ તો શાકભાજી ઘરની સ્ત્રીઓ જ લેવા જાય પણ વધારે શાકભાજી લાવવાનાં હોય ત્યારે મારા દિયર અનિલભાઈ શાકભાજી લઈ આવે. પરિવાર લઈને બેઠા હોઈએ ત્યારે ઘરમાં થોડીઘણી રકઝક થાય પણ તેને મન પર નહીં લઈએ અને થોડી વારમાં તો ફરી ઘરમાં હસીમજાકની વાતો કરીયે. ફરવા જવાનું હોય તો ઘરમાં મારા સસરાજીની દેખરેખ માટે કોઈ ને કોઇ ઘરે રહે જ. ચાર જણ ફરવા જાય તો ચાર જણ ઘરે રહે. ઘરે રહેલા પછીથી ફરવા જાય. ઘરની વહુઓ બહાર ગઈ હોય તો તેમના ઘરનાં કામો સાસુઓ સંભાળી લેતી હોય એટલે જ પરિવાર ટકી રહે છે ને.’’ હેમંતભાઈના વાઈફ વીણાબેને જણાવ્યું કે, ‘‘અમારા ઘરમાં વર્ષોથી એક જ કામવાળા બેન આવે છે તે કચરા, પોતાં, વાસણનું કામ કરે એટલે ઘરનાં આ કામોમાં ઘરની સ્ત્રીઓનો સમય બચે છે. અત્યાર સુધી તો અમે સાથે જ જોઈન્ટ ફેમિલીમાં રહીએ છીએ અને અમે ભવિષ્યમાં પણ સાથે જ રહેવા માંગીએ છીએ.’’

## મનોહરભાઈ બોર્ડરવાળા

### એક સમયે અમારી હવેલીમાં 75 મતદાતા હતા, અત્યારે 38 જણા સાથે રહે છે



સલાબતપુરા ધામલાવાડ વિસ્તારમાં 56 બારી નામે ઓળખાતા મકાનમાં રહેતાં 74 વર્ષીય મનોહરભાઈ બોર્ડરવાળા સાડીની લેસના બિઝનેસ સાથે જોડાયેલા છે. તેમણે જણાવ્યું કે તેમનું આ મકાન બોર્ડરવાળા મેન્શન તરીકે ઓળખાય છે. હાલમાં આ મકાનમાં કુલ 38 મેમ્બર્સ છે. 1990ના દાયકામાં તો આ હવેલીમાં 75 વોટર્સ (મતદાતા) હતા એટલે રાજકીય પક્ષો માટે આ હવેલીમાં રહેતાં લોકો ઘણા મહત્ત્વના હતા. એક સમયે આ મકાનમાં 102-103 લોકો રહેતાં. મનોહરભાઈએ જણાવ્યું કે, ‘‘હાલમાં અમારા મકાનમાં મારી વાઈફ લતાબેન, દીકરો તેજસ અને તેની વાઈફ તથા બે છોકરા રહે છે. મારા મોટા કાકા ગંગારામના છોકરાના છોકરાઓનું ફેમિલી, મારા ફાધરનું નામ ચુનીલાલ. ત્રીજા કાકા ભગવાનદાસના છોકરાઓના ફેમિલીના અને ચોથાકાકા ચંપકલાલના દીકરાના ફેમિલીના રહે છે. અત્યારે આખા મકાનમાં ચાર રસોડા છે પણ એક સમયે એક રસોડે બધાં જમતાં ત્યારે એક ચૂલા પર રસોઈ બનતી અને માટીના કલેરા પર 80-85 તો રોટલા બનતા હતા. આ મકાન 1947માં બન્યું અને મારો જન્મ 1951માં થયો હતો. અમે બધાં ભેગા થઈને સાથે તહેવારો ઉજવીએ. હમણાં પણ અમે રાતનું ભોજન પતાવ્યા બાદ બધાં 38 જણા ઓટલે બેસી મજાકમસ્તી અને આનંદ થાય તેવી વાતો કરીએ. અત્યારે પણ અમારા ઘરમાં ઘરની 50 મહિલાઓ ભેગી થઈ ને અથાણાં, પાપડ, પાપડી, વેફર્સ બનાવીએ અને પછી તેની વહેંચણી કરાતી હોય છે. 2002માં અમારા આ ઘરમાં 51 મતદાતા હતાં. જો ઘરમાં નાની મોટી વાતોમાં તકરાર થાય તો પણ બીજા દહાડે બધા જૂની વાતને ભૂલી જઈએ અને ફરી વાતોનો આનંદ લેતાં હોઈએ.’’

**મનોહરભાઈના કાકા ગંગારામના દીકરાના દીકરા સંદીપભાઈ બોર્ડરવાળા આ જ ઘરમાં રહે છે. તેમણે જણાવ્યું કે,** ‘‘અમારા આ ઘરમાં ગ્રાઉન્ડ ફ્લોર વત્તા ત્રણ માળ છે. ઘરમાં રકઝક થાય પણ બીજા દિવસે ફરી ભેગા થઇ જઈએ. મનોહરભાઈ ઘરના વડીલ છે તેમનું ડીસીઝન ઘરના બધા ફોલો કરે. અમારા ઘરમાં અત્યારે જોબ કરતી મહિલાઓની સંખ્યા 2 છે. તેઓ જોબ પર જાય ત્યારે ઘરની બીજી મહિલાઓ ઘરને સાચવે. સંયુક્ત કુટુંબ છે એટલે ઘરનું લાઈટબિલ, વેરાબિલ તે 5 કાકામાં ડીવાઇડ થાય. કોઈ એક બિલ ભરી દે પછી બીજા તેમના ભાગના પૈસા આપે . એકબીજાનું શાકભાજી લાવી આપે. ઘઉં ભરવાના હોય તો એકબીજાના ઘઉં એક જ ટેમ્પામાં લઈ આવીએ.’’

## સુરેશભાઈ જરીવાળા

### ત્રણ પેઢીના 23 જણા એક જ ઘરમાં રહે, રોજ ફ્રેશ શાકભાજી લાવવાનાં

સુરેશભાઈની સરનેમ સ્કૂલના સર્ટિફિકેટ પર જરીવાળા છે. જ્યારે તેમના બે સગા ભાઈઓની સ્કૂલમાં સરનેમ લેખડીયા લખાઈ હતી જે સરનેમથી જ આજે પણ તેમના બંને મોટા ભાઈ ઓળખાય છે. હાલમાં સલાબતપુરામાં ત્રણેય ભાઈઓનો પરિવાર એક જ રસોડે જમે છે. 71 વર્ષના સુરેશભાઈએ જણાવ્યું કે, ‘‘અમે એક જ છત નીચે કુલ 23 મેમ્બર્સ સાથે રહીએ છીએ. મારા મોટા ભાઈ 77 વર્ષના દિનેશભાઈનો પરિવાર, મારા બીજા મોટા ભાઇ ભરતભાઇનો પરિવાર તથા મારો પરિવાર એક સાથે રહીએ છીએ. ઘરના મુખીયા મારા મોટા ભાઈ દિનેશભાઇ જે પણ ડીસીઝન લે કે ઘર માટે કોઈ રૂલ બનાવે તો બધાંએ તેનું પાલન કરવાનું હોય. ઘરની સ્ત્રીઓ ઘર માટે કોમન રસોઈ તો કરે જ સાથે તેમનાં બાળકોને ભાવતું પણ અલગથી બનાવે. વધુમાં જણાવ્યું કે મોટાભાગના ઘરોમાં ઘરના કામોને લઈને જ મનમુટાવ થતા હોય. કોઈને એવું લાગે કે મને વધારે કામ કરવું પડ્યું. આ બાબતે અમારા ઘરમાં પણ મનમુટાવ થાય પણ એ ઘડીભરનો હોય. પહેલાં અમે રૂસ્તમપૂરામાં રહેતાં હતાં હવે તે ઘરને અમારા ત્રણેય ભાઈઓની ઓફિસ બનાવી દીધી છે. અમે ત્રણેય ભાઈઓ એક સાથે કેમિકલનો બિઝનેસ કરીએ છીએ. ઘરમાં વાસણ માટે અને કચરાપોતાં માટે બે કામવાળી છે. ઘરના ચાર ફ્લોર પર અલગ અલગ ચાર વોશિંગ મશીન છે. જે ફ્લોર પર જેનું ફેમિલી રહે તેઓ આ મશીનમાં કપડાં ધુએ છે. જોબ કરતી વહુઓ સવારે કામ પતાવીને જોબ પર નીકળે. મોટું ફેમિલી છે તો મનદુ:ખ થાય પણ એ વાતને પકડી નહીં રાખીએ. લેડીઝની વાતોમાં ઘરના જેન્ટ્સ વચ્ચે નહીં આવે. ઘરની લેડીઝ મળીને શોપિંગ કરવા સાથે જાય. અમારું બધાનું ફરવા જવાનું સાથે થાય પણ દરેકની અલગ અલગ કાર છે એમાં ફરવા નીકળે. અમારા ઘરમાં કાનભંભેરણી કોઈ નહીં કરે અને મનદુ:ખ થાય તો પણ 10 મિનિટમાં ભેગા થઈ જઈએ એટલે જ અમે આટલાં વર્ષોથી સાથે છીએ અને ભવિષ્યમાં પણ અલગ થવાના નથી એ અમે નક્કી કર્યું જ છે.’’



**સુરેશભાઈના ડોટર ઇન લો અંકિતાબેને જણાવ્યું કે,** ‘‘અમને તો ઘર ભરાયેલું હોય એ સારું લાગે. કોઈ વાર એકલા રહેવાનું આવે તો નહીં ગમે એટલે જ અમે બધાં સાથે છીએ. અમારા ઘરમાં 8 લેડીઝ છે. જેમના 16 હાથને રસોઈ બનાવતા વાર નહીં લાગે. ઘરની બેથી ત્રણ લેડીઝ રોટલી બનાવવા બેસતી હોય. ઘરમાં જે બાળકને કાંઈક અલગ ખાવું હોય તો તેની મમ્મી છોકરા માટે અલગ બનાવે. હું ફેશન ડિઝાઈનર છું એટલે મારે ઘરની બહાર કોઈ કામથી જવાનું હોય તો મારે ઘરમાં કરવાનાં કામો સાસુ કે દેરાણી કરી લે. અમે રાતના ડિનર બાદ બધા જ સભ્યો સાથે બેસીને હસીમજાકની વાતો કરીએ. મુવી પણ સાથે જોવા જઈએ અને સાથે ફરવા પણ જઈએ. અમે સાથે છીએ કેમ કે અમને સાથે રહેવું ગમે છે.’’

## કુશાંગ ઉમરીગર

### અમે ત્રણેય ભાઈઓ ભવિષ્યમાં પણ સાથે જ રહીશું.

‘‘જો ન્યુક્લિયર ફેમિલી લઈને બેસો તો કામધંધો અને ઘર સાચવવું અઘરું થાય. જો જોઈન્ટ ફેમિલીમાં એકજૂટ થઈને રહેશો તો જ આગળ વધી શકશો. બસ આ એક વાક્યને વળગી રહીને અમે ત્રણેય ભાઈઓ, મમ્મી-પપ્પા અને કાકી એક જ ઘરમાં રહીએ છીએ અને એક રસોડે જમીએ છીએ.’’ આ શબ્દો છે કુશાંગ ઉમરીગરના. તેમણે જણાવ્યું કે, ‘‘અમારા ઘરમાં મારા મોટાભાઈ પ્રીતેશભાઈ અને તેમનાં વાઈફ કૃપાલી, મારી વાઈફ વિમ્મી, મારાં મમ્મી-પપ્પા, કાકાનો દીકરો આર્યન અને કાકી, મોટાભાઈનો દીકરો અમે બધાં સાથે રહીએ છીએ. કાકા હયાત નથી. અમે ત્રણેય ભાઈઓ બ્યૂટી સલૂન ચલાવીએ છીએ. આર્યનના હજી મેરેજ થવાના બાકી છે. મારા ફાધરે ઘણો સંઘર્ષ કરીને મોટા ભાઈને હેર રિલેટેડ કોર્સ કરાવવા મુંબઈ 2008માં મોકલ્યા હતા. તેમણે ત્યાં 2014 સુધી જોબ કરી હતી. હું 2011માં મુંબઈ ગયો હતો મેં પણ મુંબઈમાં 2014 સુધી જોબ કરી હતી. 2015માં અમે ભાઈઓએ સુરતમાં બ્યૂટી સલૂન સ્ટાર્ટ કર્યું. મારા કાકી ( આંટી)ને રસોઈ બનાવવાનું બહુ ગમે. મારા આંટી અને ભાભી મોટાભાગની રસોઈ બનાવે. જ્યારે બાકીનાં કામ મમ્મી હેન્ડલ કરે. મારી વાઈફ શાકભાજી ચોપિંગમાં મદદ કરે. અમારા ઘરમાં અત્યારે કામવાળી નથી. ઘરની સ્ત્રીઓ જ બધાં કામ મેનેજ કરે. અમારા ઘરમાં બપોરની અને રાતની રસોઈમાં બે શાક તો હોય જ. અમે શું બનાવવું તેનું સજેશન પણ મૂકીએ. શાકભાજી મમ્મીપપ્પા લઈ આવે અને અનાજ કરિયાણું લાવવાનું પણ પપ્પા જોઈ લે. પપ્પાએ કીધું હતું કે, એકલાથી કાંઈ ના વળે, સાથે એકજૂટતાથી રહો તો આગળ વધાય. ફાધરની આ વાત અમે ગાંઠે વાળી લીધી છે એને જ અમે જોઈન્ટ ફેમિલીનો સક્સેસ મંત્ર માની લીધો છે. અમે ત્રણેય ભાઈઓ ભવિષ્યમાં પણ સાથે જ રહીશું.’’



### અમે ફુલ ફેમિલી સાથે મુવી જોવા જઈએ: કૃપાલી ઉમરીગર

કુશાંગ ઉમરીગરનાં ભાભી કૃપાલીબેને જણાવ્યું કે, ‘‘અમારા ફેમિલી મેમ્બર્સ વચ્ચે અન્ડરસ્ટેન્ડિંગ સારું છે. અમે ઘરનાં કામોની વહેંચણી કરી લઈએ જેથી ઘર સારી રીતે સચવાય છે, બધાં કામ સારી રીતે મેનેજ થાય છે. હું અને મારાં આંટી રસોઈનું જોઈ લઈએ. અમે બ્રેકફાસ્ટ અને ડિનર સાથે બેસીને કરીએ. ઘરના ખર્ચા લાઈટબિલ, ગેસનું બિલ, અનાજ કરિયાણાનો ખર્ચો સોલ્જરીમાં ઉઠાવીએ જેથી કોઈ એક પર ખર્ચનું ભારણ નહીં આવે. હું પોતે આર્કિટેક્ટ છું. મારે ફિલ્ડ વર્કમાં નીકળવાનું હોય તો ઘરના મારા ભાગનાં કામો દેરાણી, આંટી, મારાં સાસુ જોઈ લે. અમે ફુલ ફેમિલી હમણાં જ દુબાઈ ફરી આવ્યાં. મારા ફાધર ઇન લો અને મારા હસબન્ડને મુવી જોવાનો બહુ શોખ છે. અમે રાત્રીના મુવી શો જોવા જઈએ. અમે તો ગુજરાતી મુવી પણ જોવાનું પસંદ કરીએ છીએ.’’

**આજની આધુનિકતાને વરેલી યુવતીઓ જ્યારે જીવનસાથીની પસંદગી કરતી હોય ત્યારે સાસરું જોઈન્ટ ફેમિલી ના હોય તેને પ્રાયોરિટી આપે છે. જોઈન્ટ ફેમિલીમાં કામોનું ભારણ પણ હોય અને આઝાદી છીનવાતી હોય તેવું આજની યુવતીઓને લાગે છે. એવું પણ જોવા મળે છે કે, બધા જ ભાઈઓ ફાધરના બિઝનેસ સાથે જોડાયેલા હોય ત્યારે તેઓ જોઈન્ટ ફેમિલીમાં રહેતા હોય છે. અત્યારે હાલત એવી છે કે કોઈ પરિવારમાં 8 મેમ્બર્સ પણ હોય તો બીજા લોકો પહેલા કહેશે તમને એક જ ઘરમાં આટલા બધા લોકોને કઈ રીતે ફાવે છે! લોકોના આવા કહેણને કારણે પણ હવે જોઈન્ટ ફેમિલી મોટાભાગના લોકો પ્રિફર નથી કરતાં. બહુ જ ઓછા લોકો જોવા મળશે કે જેઓ જોઈન્ટ ફેમિલીમાં રહે છે તેઓને એકતાનું ઉદાહરણ કહી શકાય.**

